ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ - ખેડા અને મહિસાગર જિલ્લામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ | અનેક ગામો જળબંબાકાર, વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા

નડિયાદમાં સિઝનનો રેકોર્ડબ્રેક ૯૫૬ મિમી વરસાદ થયો

માતર અને વસોના ગામો બેટમાં ફેરવાયા, હજારો વીઘા પાક જળમગ્ન

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ખાબકી રહેલા અવિરત વરસાદે ભારે તારાજી સર્જી છે. જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ સિઝનનો કુલ સરેરાશ વરસાદ 501.55 મિલીમીટર પર પહોંચ્યો છે, જેમાં સૌથી વધુ નડિયાદમાં 956 મિલીમીટર વરસાદ ખાબક્યો છે. તળાવો છલકાતા અને કેનાલો તૂટતા માતર, વસો, ખેડા અને મહેમદાવાદ પંથકના અનેક ગામો જળબંબાકાર બની ગયા છે. તંત્રની નિષ્ક્રિયતા વચ્ચે રામોલ જેવા ગામોમાં 200 જેટલા ઘરો બેટમાં ફેરવાઈ ગયા છે અને લોકો પોતાના જ ઘરમાં કેદ થવા મજબૂર બન્યા છે. વહીવટી તંત્રની નિષ્ફળતા સામે સ્થાનિક સામાજિક આગેવાનો અને યુવા સંગઠનો મદદે દોડી આવ્યા છે અને ફસાયેલા લોકો સુધી ભોજન તથા દવાઓ પહોંચાડી રહ્યા છે.

ખેડા તાલુકાના ચલીન્દ્રા ગામ પાસે માત્ર 2 મહિના પહેલા લાખોના ખર્ચે બનેલું નવું ગરનાળું પાણીમાં ડૂબી જતાં ભ્રષ્ટાચારની પોલ ખુલી છે. રસ્તો ગરકાવ થતા એસટી બસ અને વાહનવ્યવહાર ઠપ્પ થયો છે. તંત્રએ માત્ર ભયજનક બોર્ડ મારી સંતોષ માન્યો છે, જેના કારણે વાહનચાલકોને 15 કિલોમીટરનો લાંબો ફેરો મારવો પડી રહ્યો છે.

આણંદ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિની સમીક્ષા કરતા પ્રભારી મંત્રી

રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સંજયસિંહ મહિડાએ આણંદમાં બેઠક યોજી ભારે વરસાદથી જાન-માલનું નુકસાન ન થાય તે માટે અગમચેતીના પગલાં લેવા અને આગોતરું આયોજન કરવા અધિકારીઓને સૂચના આપી હતી. મંત્રીએ વરસાદી પરિસ્થિતિમાં વીજ પુરવઠો સાતત્યપૂર્ણ જાળવવા, રસ્તાઓ પરથી નડતરરૂપ ઝાડ હટાવી વાહન વ્યવહાર ઝડપથી પૂર્વવત કરવા અને પશુ કે માનવ મૃત્યુના કિસ્સામાં ત્વરિત સહાય ચૂકવવા તાકીદ કરી હતી. વરસાદ બાદ લોકોનું આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ન ફેલાય તે માટે વિવિધ વિસ્તારોમાં દવાનો છંટકાવ, સઘન સફાઈ અને પાણીના ક્લોરીનેશન જેવી કામગીરી કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં કલેક્ટર પ્રવીણ ચૌધરીએ વહીવટી તંત્રની કામગીરીનો ચિતાર આપ્યો હતો.

નરસંડામાં ગંદા પાણી ઘરોમાં પ્રવેશી રહ્યા છે

નડિયાદ તાલુકાના નરસંડામાં વરસાદી કાંસની યોગ્ય સફાઈ ન થતા જળબંબાકારની સ્થિતિ છે. ગામની ઇન્દિરા નગરીમાં ગટરના ગંદા પાણી ઘરોમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડાનાસારસામાંખારીકટકેનાલનોપાળોતૂટ્યો

ખેડાના સારસા ગામે ભારે વરસાદને પગલે ખારીકટ કેનાલનો પાળો તૂટતા ધસમસતા પાણી ઘરોમાં ઘૂસી ગયા છે. અનેક પરિવારો છેલ્લા 2 દિવસથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિક આગેવાનો દ્વારા અસરગ્રસ્તોને ફૂડ પેકેટ અને બિસ્કિટનું વિતરણ કરી રાહત પહોંચાડવામાં આવી રહી છે.

મહેમદાવાદના છાપરામાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો

મહેમદાવાદ તાલુકાના છાપરા ગામના આશરે 200 ખેડૂતોની 1 હજાર વીઘા જમીનમાં રોપાયેલો ડાંગરનો પાક હાલ ચાર ફૂટ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. ખેડૂતોએ વીઘા દીઠ 5 હજારથી વધુનો ખર્ચ કર્યો હતો, જે હવે એળે જવાની અને લાખો રૂપિયાના નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

તારાપુર અને ખંભાતના 9 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરાયા

આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના 7 અને ખંભાત તાલુકાના 2 મળી કુલ 9 પંચાયત હસ્તકના માર્ગો ઓવરટોપિંગને કારણે બંધ કરવામાં આવ્યા છે. તારાપુર-રાજવાપુરા, જીયકા-ખાનપુર અને મોરજ-ચીખલીયા સહિતના માર્ગો પર પાણી ફરી વળતા સુરક્ષાના ભાગરૂપે વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકાયો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે અને સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. વહીવટીતંત્રે નાગરિકોને સાવચેતી રાખવા અને બંધ માર્ગોનો ઉપયોગ ન કરવા અપીલ કરી છે, જ્યારે ૨૮ જુલાઈ સુધીમાં સ્થિતિ સામાન્ય થવાની સંભાવના છે. તારાપુર તાલુકામાં ભારે વરસાદ અને ઓવર ટોપિંગને કારણે જીયકા, ગલીયાણા અને પાદરા તરફ જતા ચાર મુખ્ય માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે. વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે રસ્તાઓ સીલ કરી મુસાફરો માટે 3 થી ૨૫ કિમી સુધીના વિવિધ વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે. જીયકા, કનેવાલ અને જીણંજ જેવા ૧૧થી વધુ ગામોના સંપર્ક માટે તંત્રએ નિર્ધારિત કરેલા સુરક્ષિત ડાયવર્ઝનનો જ ઉપયોગ કરવા નાગરિકોને અપીલ કરી છે.

સોજિત્રામાં જળબંબાકાર વચ્ચે અસરગ્રસ્તોનું સ્થળાંતર કરાયું

ઉમરેઠના મેઘવા બડાપુરામાં કેનાલનું ગાબડું ત્વરિત પુરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ જિલ્લામાં મેઘરાજાની આક્રમક બેટિંગથી સર્જાયેલી જળબંબોળ સ્થિતિ સામે જિલ્લા વહીવટી તંત્ર 'ફુલ એક્શન મોડ'માં આવી ગયું છે. જનજીવન ખોરવાય નહીં અને જાન-માલનું નુકસાન ન થાય તે માટે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી પોતે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઉતરી પડ્યા છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વરિષ્ઠ અધિકારીઓને તૈનાત કરી 'ઝીરો કેઝ્યુઆલિટી'ના અભિગમ સાથે યુદ્ધના ધોરણે

બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ઉમરેઠ તાલુકાના મેઘવા બડાપુરા ગામે ભારે વરસાદને કારણે કેનાલમાં ગાબડું પડતા સ્થાનિકોમાં ફાળ પડી હતી. જોકે, જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારે સમયસૂચકતા વાપરી મહી સિંચાઈ વિભાગ સાથે સંકલન સાધી ત્વરિત મરામત કરાવી હતી. તંત્રની આ તત્પરતાને કારણે કોઈ જાનહાનિ કે માલહાનિ થવા પામી નથી.

કલેક્ટર પ્રવીણ ચૌધરીએ તારાપુરના મહિયારી ગામે હાઈવે પર ભરાયેલા પાણીની સ્થિતિનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું અને વાહનવ્યવહાર ન ખોરવાય તે માટે તાકીદે પાણીના નિકાલના આદેશો આપ્યા હતા. આ ઉપરાંત, પેટલાદના ઐતિહાસિક મલાવ તળાવની મુલાકાત લઈ નગરપાલિકા અને સિંચાઈ વિભાગને પાણીનો પ્રવાહ સતત વહેતો રાખવા અને નગરજનોને મુશ્કેલી ન પડે તે માટે 'વોર ફૂટિંગ' પર કામ કરવા સૂચના આપી છે. આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં મામલતદાર અને વહીવટી સ્ટાફ દ્વારા અસરગ્રસ્તોની મુલાકાત લેવામાં આવી રહી છે.

બોરસદમાં ૩ ગૌવંશની કતલ થાય તે પહેલા પોલીસ ત્રાટકી

કતલ કરવાના સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૫

બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનની ટીમે નાઇટ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સીમનાની ચોકમાં દરોડો પાડી ત્રણ ગૌવંશને કતલ થતા બચાવી લીધા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે અન્ય બે શખ્સો નાસી છૂટ્યા હતા.

બોરસદ પોલીસને બાતમી મળી હતી કે અનવર સિકંદર કુરેશી, ઇકબાલ ઉર્ફે ઇબલી કુરેશી અને એઝાઝ કુરેશી નામના શખ્સો ભાડાના મકાનમાં ત્રણ ગૌવંશને કતલ કરવાના ઇરાદે ગોંધી રાખ્યા છે. પોલીસે તુરંત કાર્યવાહી કરતા મકાનના ફળિયામાંથી દોઢ વર્ષની એક વાછરડી અને છ માસ તથા દોઢ વર્ષના બે વાછરડા મળી આવ્યા હતા, જેમને ક્રૂરતાપૂર્વક બાંધી રાખવામાં આવ્યા હતા.

જોકે, પોલીસને જોતા જ અનવર અને એઝાઝ ભાગી છૂટ્યા હતા, જ્યારે ઇકબાલ કુરેશીને ઝડપી લેવાયો હતો. પોલીસે ઘટના સ્થળેથી 3 મોટા લોખંડના છરા, 2 કુહાડી, 4 છરીઓ, લાકડાના ટીમલા અને રોકડ રકમ મળી કુલ રૂ. 7,210નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે પોલીસે પકડાયેલા ગૌવંશને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે. ત્રણેય આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કાસ વિભાગની પાપલીલા | ભલાડા-વસઈ પંથકમાં 3 ફૂટ પાણી ભરાતા ખેડૂતો પાયમાલ

માતરના ખેડૂતોના નસીબ પર પાણી ફરી વળ્યું, પાક ખેદાન-મેદાન થયો

જવાબદારો સામે કાર્યવાહી કરવામાં તંત્રને રસ કેમ નથી?

(પ્રતિનિધિ) માતર તા.૨૫

માતર તાલુકાના ભલાડાથી મઘરોલ અને ડભોઉ થઈ પરીએજ જતી કાસની અવદશાએ ફરી એકવાર ખેડૂતોની કમર તોડી નાખી છે. તંત્રની ઘોર નિંદ્રા અને નરદમ બેદરકારીને કારણે દર વર્ષે ચોમાસામાં અહીંના ખેડૂતોને 'રાતા પાણીએ રોવાનો' વારો આવે છે. છેલ્લા બે વર્ષથી સંરક્ષણ દીવાલ બનાવવાની વારંવારની માંગણી છતાં કાસ વિભાગના

બહેરા કાને ખેડૂતોની વેદના અથડાઈને પાછી ફરે છે, જેના પરિણામે ચાલુ વર્ષે પણ હજારો હેકટર જમીન જળબંબાકાર બની ગઈ છે.

સોજીત્રા તાલુકાના ડભોઉથી આવતા કાસમાં પાણી ઓવરફ્લો થતા મઘરોલ પરા અને ઉટીયાપુરા વિસ્તારના રહીશોએ પોતાના ઘરોને બચાવવા માટે કાસમાં ૫ જેટલી જગ્યાએ મસમોટા ગાબડા પાડી દીધા હતા. આ ગાબડાને કારણે પાણીનો પ્રવાહ સીધો ભલાડા ગામના ખેતરોમાં ઘૂસી ગયો છે. હાલમાં ખેતરોમાં ૩ ફૂટ જેટલા પાણી ફરી વળ્યા છે, જેના કારણે ખેડૂતોનો તૈયાર ડાંગરનો પાક સંપૂર્ણપણે નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે.

આ અંગે સ્થાનિક ખેડૂતોનો આક્ષેપ છે કે, કાંસમાં ગાબડા પાડનારા તત્વો સામે કોઈ જ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. કાસની યોગ્ય સાફ-સફાઈ કે મેઈન્ટેનન્સના અભાવે કુદરતી આફત કરતા માનવસર્જિત બેદરકારી ખેડૂતોને વધુ નડી રહી છે.

બોરસદ શહેરમાં જુગાર રમતા ૧૧ શખસ ઝડપાયા

પોલીસે ૨૧ હજારથી વધુની રોકડ કબજે કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોરસદ શહેરમાં મદીના નગર રેલ્વે ફાટક પાસે દરોડો પાડી ખુલ્લી જગ્યામાં હારજીતનો જુગાર રમતા ૧૧ ઇસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર આર.એન. ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, બોરસદના મદીનાનગર રેલ્વે ફાટક પાસે બેતુલ્લા ઉર્ફે બેલીમ ઇનાયત પઠાણના ઘરની સામે ખુલ્લી જગ્યામાં પત્તા-પાનાનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા જુગાર રમતા ૧૧ શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, કોર્ડન કરી તમામને પકડી પાડ્યાં હતાં.

આ શખસોની પૂછપરછ કરતાં બેતુલ્લા ઉર્ફે બેલીમ ઇનાયત પઠાણ, મહેન્દ્ર નરસિંહ રાણા, મેલાભાઈ બાબરભાઈ ચુનારા, રહીમ જીતસિંહ રાજ, મહંમદ યુનુસ ગુલામમોયુદ્દીન મલેક, માજીદ બસીર રાજ, સમીર મુસ્તુફા વ્હોરા, અબ્દુલરજાક ઈસ્માઈલ વ્હોરા, ગુલામ મહંમદ સમરસ પઠાણ, હમીરસિંહ રવિન્દ્રસિંહ રાજ, જાહીદ ઈનાયત સૈયદ હોવાનું જણાવ્યું હતું. આ શખસો પાસેથી પોલીસે રૂ. ૨૧,૮૦૦ની રોકડ અને જુગારનું સાહિત્ય જપ્ત કરી તમામ સામે ગુનો નોંધ્યો હતો.

ડાકોર પાસે એસટી-ખાનગી બસ અથડાતાં ૨૦ મુસાફર ઈજાગ્રસ્ત

ઝઘડિયાથી અંબાજી જતી એસટી બસ મીઠી લીમડી પાસે સામેથી આવતી બસ સાથે અથડાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લાના ડાકોર અને ઉમરેઠને જોડતા માર્ગ પર આવેલી મીઠી લીમડી નજીક આજે સવારના સમયે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઝઘડિયાથી અંબાજી દર્શનાર્થે જઈ રહેલી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની એસટી બસ અને સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસ સામસામે ધડાકાભેર અથડાઈ હતી. આ ભયાનક ટક્કરને પગલે એસટી બસમાં સવાર મુસાફરોમાં જીવ બચાવવા માટે ચીસાચીસ મચી ગઈ હતી અને માર્ગ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ અકસ્માતમાં આશરે ૨૦ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં એસટી બસના ચાલક સહિત ૫ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતાં નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે બંને બસો માર્ગની વચ્ચે જ ફસાઈ ગઈ હતી, જેના કારણે ડાકોર-ઉમરેઠ રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનોને બાજુમાં ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા

આ અકસ્માતનો ધડાકો સાંભળી આસપાસના સ્થાનિક રહીશો અને વાહનચાલકો તુરંત મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ સમયસૂચકતા વાપરી બસમાં ફસાયેલા ૨૦ જેટલા ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ડાકોર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

બાકરોલ:દારૂપીનેછાકટા બનેલા બે શખસ પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદ નજીક બાકરોલ ગેટ પાસે 'ઓન ડ્યુટી બુલેટ ટ્રેન' લખેલી બોલેરો ગાડીમાં નશો કરી વાહન હંકારતા બે શખ્સોને સ્થાનિકોએ ઝડપી પાડ્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિદ્યાનગર પોલીસે તાત્કાલિક હરકતમાં આવી બંને આરોપીઓ વિરુદ્ધ ડ્રિંક એન્ડ ડ્રાઈવ અને પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદના બાકરોલ ગેટ પાસેથી પસાર થઈ રહેલી એક બંધ બોડીની બોલેરો ગાડીના ચાલકે ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે માથાકૂટ કરતા સ્થાનિક યુવાનોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. યુવાનોએ તપાસ કરતા ગાડીનો ચાલક અને તેની બાજુમાં બેઠેલો શખ્સ ભારે નશાની હાલતમાં મળી આવ્યા હતા. વધુ તપાસ કરતા ગાડીના ડેશબોર્ડ પરથી રોયલ સ્ટેગ વિદેશી દારૂની અડધી ભરેલી બોટલ તથા બાઈટિંગના પડીકા પણ મળી આવ્યા હતા.

આ ઘટનાને પગલે રોષે ભરાયેલા સ્થાનિકોએ બંને શખ્સોને કારમાંથી નીચે ઉતારી મેથીપાક ચખાડ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસ તંત્ર દોડતું થયું હતું. વિદ્યાનગર પોલીસે વીડિયોના આધારે તપાસ કરી કાર ચાલક ભરત કાળીદાસભાઈ રાઠોડ (રહે. બોરીયાવી) અને હાર્દિક મયુરભાઈ મિસ્ત્રી (રહે. રાણીપ, અમદાવાદ)ની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

કપડવંજમાં ભારે વરસાદમાં જર્જરિત મકાન ધરાશાયી

ગરનાળામાં ખાબકેલી ગાયને બહાર કાઢવા પાલિકાએ જહેમત ઉઠાવી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૫

કપડવંજ પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ૨૮ કલાકમાં જ ૩ ઈંચથી વધુ વરસાદ ખાબકતા મોસમનો કુલ વરસાદ ૩૬૪ મીમી સુધી પહોંચ્યો છે [૧]. જોકે, શહેર દરિયાઈ સપાટીથી ઊંચાઈ પર હોવાને કારણે વરસાદી પાણીનો ત્વરિત નિકાલ થઈ રહ્યો છે.

કપડવંજમાં વરસાદી માહોલ દરમિયાન બે મુખ્ય ઘટનાઓ બની હતી. હોળી

ચકલા ચિંતામણી દેરાસર પાસે રહેતા અને હાલ મુંબઈ સ્થિત રાકેશભાઈ દોશીનું એક બંધ મકાન અચાનક ધરાશાયી થયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

બીજી તરફ, વોર્ડ નંબર ત્રણમાં આવેલા વાયદપુરા વિસ્તારના ગરનાળામાં એક ગાય ખાબકી હતી. આ અંગેની જાણ થતા નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલના પ્રતિનિધિ અરવિંદભાઈ પટેલ, મ્યુનિસિપલ સદસ્યો અને સ્થાનિકો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ભારે જહેમત બાદ ક્રેનની મદદથી ગાયને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.